***તકેદારી આયોગની ભલામણનો સ્વીકાર/અસ્વીકાર કરવા અંગેની સમય મર્યાદા બાબત...***

**ગુજરાત સરકાર**

**ગૃહ વિભાગ**

પરિપત્ર ક્રમાંક : ગતપ-૩૧૮૬-૨૭૪૧-હ,

સચિવાલય ગાંધીનગર, ૦૯મી ડિસેમ્બર, ૧૯૮૬.

*વંચાણ :-(૧) ગૃહ વિભાગ પરિપત્ર ક્રમાંક : ગતપ/૨૯૮૩/૮૩/હ, તા. ૮મી એપ્રિલ, ૧૯૮૬.*

*(૨) ગૃહ વિભાગ પરિપત્ર ક્રમાંક : ગતપ/૧૦૭૪/૧૪૫/હ, તા. ૨૯મી જાન્યુઆરી, ૧૯૭૪.*

*(૩) ગૃહ વિભાગ પરિપત્ર ક્રમાંક : એસવીસી/૧૦૭૫/૮૮/હ, તા. ૨૮મી જુલાઇ, ૧૯૭૫.*

**પરિપત્ર**

ગૃહ વિભાગના ઉપર નિર્દેશ કરેલ તા. ૨૯મી જાન્યુઆરી, ૧૯૭૪ અને તા. ૮મી એપ્રિલ, ૧૯૮૬ના પરિપત્રથી વિનંતી કરવામાં આવેલ છે કે તકેદારી આયોગ તરફથી મળેલ અભિપ્રાયનો સ્વીકાર /અસ્વીકાર અંગેનો નિર્ણય વધુમાં વધુ ત્રણ માસમાં લઇ તેની જાણ આયોગને કરવી તેમ છતાં આવા કેસોની ઘણી મોટી સંખ્યા જોવામાં આવી છે કે જેમાં આયોગની ભલામણ ઉપર ઘણાં લાંબા સમય સુધી કોઇ નિર્ણય લેવામાં આવેલ નહિ હોય આ બાબત સચિવશ્રીઓની બેઠકમાં વિભાગવાર સમીક્ષા કર્યા બાદ મુખ્ય સચિવશ્રી દ્વારા એ બાબતની સૂચના આપવામાં આવેલ છે કે ગૃહ વિભાગના ઉક્ત પરિપત્ર અનુસાર જ્યાં તકેદારી આયોગની ભલામણ વિભાગમાં આવેલ હોય તેના ઉપર સ્વીકાર કે અસ્વીકાર અંગેનો સરકારનો નિર્ણય ત્રણ માસમાં અચૂક લઇ લેવો અને તેની જાણ તકેદારી આયોગને સત્વરે કરવી તે મુજબની કાર્યવાહી રાખવા આથી સચિવાલયના તમામ વિભાગોને ફરીથી વિનંતી કરવામાં આવે છે. વધુમાં આ પ્રકારની સૂચનાઓ તેમના તાબા હેઠળની કચેરી/સક્ષમ અધિકારીઓને પણ આપવા વિનંતી છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**મહેશ રાવ**
સરકારના ઉપસચિવ